# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન સંસ્થા, નાગપુર

## કપાસ પુર્વાનુમાન ૨૦૧૯-૨૦ : અઠવાડિક સલાહ/માર્ગદર્શન

(સમય ગાળો : ૯ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯)

| | ખરેખર વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | સુચિત/ પુર્વાનુમાન વરસાદ (મીમી) ભારતીય વેધશાળા વિભાગ | | | | | | સલાહ/ માર્ગદર્શન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સપ્ટેમ્બર | | | | | સપ્ટેમ્બર | | | | | | |
| તારીખ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | |
| ગુજરાત | | | | | | | | | | | | |
| અમરેલી | ૫૫.૪ | ૧.૪ | ૦.૮ | | | ૫૧ | ૪૧ | ૩૦ | ૧૨ | ૧૪ | ૮ | |
| ભાવનગર | ૧૫ | ૨.૨ | ૦ | | | ૪૫ | ૩૧ | ૩૦ | ૧૨ | ૧૪ | ૮ | |
| જામનગર | ૪.૫ | ૪૭.૫ | ૨૨ | ૯૪ | ૪૯ | ૩૪ | ૨૪ | ૨૨ | ૫ | ૧૫ | ૦ | |
| રાજકોટ | ૧૪.૩ | ૬૬ | ૬ | | | ૪૩ | ૨૧ | ૨૭ | ૭ | ૧૫ | ૪ | |
| ભરૂચ | ૨૫.૬ | ૨૩ | ૦ | ૧.૪ | | ૬૨ | ૩૬ | ૭૧ | ૧૨ | ૫ | ૧૬ | |
| સાબરકાંઠા | | | | | | ૨૨ | ૨૦ | ૧૩ | ૩ | ૦ | ૧૧ | |
| સુરેન્દ્રનગર | ૭૯.૬ | ૨૩.૮ | ૦ | | | ૩૫ | ૧૫ | ૯ | ૬ | ૧૦ | ૦ | |
| અમદાવાદ | ૫૫.૯ | ૪૬ | ૦ | | | ૩૯ | ૨૯ | ૧૩ | ૬ | ૮ | ૮ | |
| બરોડા | ૦.૨ | ૧૮.૪ | ૦.૨ | | | ૬૭ | ૩૬ | ૧૫ | ૮ | ૧૨ | ૨૪ | |
| પાટણ | | | | | | ૧૬ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | | | | | | ૧૯ | ૧૩ | ૩ | ૫ | ૦ | ૦ | |

**સલાહ/ માર્ગદર્શન:**

સુરત ખાતે પાક વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ છે. અહેવાલના અઠવાડિક સમયગાળામાં હવામાન વાદળછાયુ અને વરસાદવાળુ છે. ચીઢો (*સાયપ્રસ રોટુન્ડસ*), સાટોડી (*ટ્રાયએંથેના મોનોજીના*) અને ધામડો (*અમરએંત્રસ વીરીડીસ*) જેવા નિંદામણનો કપાસના ખેતરમાં ઉપદ્રવ જોવા મળેલ જેનુ ભલામણ મુજબના પગલાથી નિયંત્રણ કરવામા આવેલ છે. થ્રીપ્સ અને લીલા તડતડીયાની વસ્તી આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછી નોંધાયેલ છે. કેટલાક છોડોમાં બળીયા ટપકા રોગની શરૂઆત જોવા મળેલ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે થી અતિ ભારે વરસાદને કારણે જુનાગઢ ખાતે કપાસના ખેતરોમાં પાણી ભરાવવાની સમસ્યા જોવા મળેલ છે. પાક ૮૫ દિવસનો ફુલ અને જીંડવા વિકાસની અવસ્થાએ છે. નિંદામણ નિયંત્રણ, પાળા ચઢાવવાની અને મ્યુરેટ ઓફ પોટાશ અને સીંગલ સુપર ફોસ્ફેટ જેવાં ખાતર આપવાના કાર્યો થયેલ છે. થ્રીપ્સ, લીલા તડતડીયા અને મીલીબગ નો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો જોવા મળેલ છે. ખેતરમાં પાણી ભરાવાને કારણે છોડોના નીચેના પાનો સુકાવાની સમસ્યા, પાનોના ટપકાના રોગો, સુકારો અને બળીયા ટપકા જેવા રોગો જોવા મળેલ છે.

**સલાહ** :

ખેડુતોને ખેતરમાંથી પાણી નિતાર કરવાની તેમજ અનુકુળ પરિસ્થિતિ મુજબ આંતરખેડ, નિંદામણ નિંયત્રણ અને પાળા ચઢાવવાની કામગીરી કરવાની ભલામણ છે. ચુસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે લીંબોડીનુ તેલ ૧૫૦૦ પીપીએમ @ ૫૦ મીલી પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી છંટકાવ કરવાની સલાહ છે. ગુલાબી ઇયળની મોજણી માટે હેકટર દીઠ ૫ ફેરોમોન ટ્રેપ લગાડવા. પાનનાં બળીયા ટપકાના રોગના અસરકારક વ્યવસ્થાપન માટે કોપર ઓકસીક્લોરાઇડ ૨૫ ગ્રામ + સ્ટેપ્ટોસાયક્લીન ૧ ગ્રામ પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. ખેતરોમાં પાળા ચઢાવતી વખતે એમોનિયમ સલ્ફેટ અથવા પ્રવાહી ખાતર ૧૯-૧૯-૧૯ (NPK) @ ૧ % પ્રમાણે છંટકાવ કરવાની ભલામણ છે. નિદામણ નિયંત્રણ માટે નિંદામનાશક દવા, ક્વિઝાલોફોપ પી ઇથાઇલ ૫ ઇસી @ ૨૦ મીલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. જે વિસ્તારમાં કપાસના ખેતરોમાં પાણી ભરાવાની સમસ્યા હોય ત્યાં પેરાવિલ્ટ (સુકારો) આવતો અટકાવવા ૧૦ પીપીએમ કોબાલ્ટ ક્લોરાઇડનો છંટકાવ કરવો. ફુગથી થતા ટોચના પાનોનાં રોગોના વ્યવસ્થાપન માટે મેટીરામ ૫૫ % + પાયરાક્લોસ્થોબિન ૫ ડબલ્યુજી @ ૨૦ ગ્રામ પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી છંટકાવ કરવો. સુકારાના વ્યવસ્થાપન માટે સુકારાગ્રસ્ત અને આજુબાજુનાં છોડોમાં કાર્બેન્ડેઝીમ ૫૦ ડબલ્યુપી @૨૦ ગ્રામ ૧૦ લી. પાણીમાં ભેળવીને છંટકાવ કરવાની સલાહ છે.

| વરસાદ (મીમી) પ્રમાણિત રંગ | < ૫ | ૫-૨૦ | ૨૧-૫૦ | ૫૧-૮૦ | > ૮૦ |
|---|---|---|---|---|---|

૦.૦ મીમી વરસાદ (વરસાદ નથી).

ખાલી જગ્યા દર્શાવે છે કે આંકડાઓ ઉપલબ્ધ નથી.

**સ્ત્રોત :** http://imdagrimet.gov.in